ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

<u>અખબારી યાદી</u>

તા: ૧૪/૯/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી ...................................,
ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા રાજ્યકક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા થયેલ વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાયો.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST),ગાંધીનગર દ્વારા દર વર્ષે રાજ્યકક્ષાની વિવિધ સ્પર્ધાનું આયોજન ગુજરાતમાં પ્રથમ જિલ્લા કક્ષાએ અને ત્યારબાદ રાજ્ય કક્ષાએ કરવામાં આવે છે.

જેમાં નેશનલ લેવલ રૂરલ આઈ.ટી.કવીઝ–૨૦૧૪ અને રૂરલ આઈ.ટી.કવીઝ ૨૦૧૫માં રાજ્યકક્ષાની સ્પર્ધામાં ગુજરાતના સમગ્ર જિલ્લામાંથી વિજેતા થયેલ આર. યુ. રાંભિયા અંગ્રેજી સ્કુલ ના શાહ કાર્તિક અને પાસદ યશ નેશનલ લેવલની સ્પર્ધામાં વિજેતા થયેલ. રૂરલ આઈ.ટી.કવીઝ ૨૦૧૫માં રાજ્યકક્ષાની સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે ભાવનગર જિલ્લાની એમ.જે.સી.કે.આર.હાયર સેકન્ડરી ઈંગ્લિશ સ્કુલ, સોનગઢના વિદ્યાર્થીઓ મહેતા હિત અને લાયકા હાર્દિક પસંદગી પામેલ. જે બેંગલોર ખાતે યોજાનાર નેશનલ લેવલ રૂરલ આઈ.ટી.કવીઝમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરનાર છે.

આ ઉપરાંત રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદમાં ૨૦૧૪માં રાજ્ય સ્તરની સ્પર્ધામાં વિજેતા બનીને વ્યાસ ઉત્સવ બી. (સ્વામિનારાયણ હાઈસ્કુલ, ભાવનગર) અને મોણપરા ઓમ (જગદિશ્વરાનંદ વિદ્યાલય, નારી) બેંગલોર ખાતે ભાગ લીધેલ.

આ વિજેતા વિદ્યાર્થીઓનું સન્માન **ડૉ. શૈલેષભાઈ ઝાલા** (કુલપતિ એમ.કે. ભાવનગર યુનિ., ભાવનગર)ના હસ્તે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ખાતે કરવામાં આવેલ. સંસ્થાના પ્રમુખશ્રી પરેશભાઈ ત્રિવેદી, ચેરમેન ડૉ.ભાવેશભાઈ ભરાડ તથા ટ્રસ્ટી ડૉ.સર્વદમન રાણા એ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન આપી આગામી સ્પર્ધા માટે શુભેચ્છા પાઠવેલ.

પ્રી.પી.ત્રિવેદી

(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.